# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૭ તા.૦૬-૧૦-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે ગરવી ગુજરાતની ગરિમા સમા ગરબાનું આપણાં જીવનમાં અનેરૂ મહત્ત્વ છે. ગુજરાતના રાસ-ગરબા તો માત્ર ભારતભરમાં નહીં પણ દેશ-વિદેશમાં પણ પ્રખ્યાત છે. ગુજરાતની આ અનોખી સંસ્કૃતિની પરંપરા ચાલુ રહે તે માટે આપણી શાળાઓ માટે 'ગરબા મહોત્સવ' નિમિત્તે રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

તમામ પ્રા.શાળાઓએ (ઉર્દૂ માધ્યમની શાળાઓ માટે સ્વૈચ્છિક) પોતાના ગરબાની એન્ટ્રી તા.૧૧-૧૦-૨૦૨૩ સુધીમાં બીટ સુપરવાઈઝરશ્રીને કરાવવાની રહેશે. ઝોન કક્ષાની સ્પર્ધા તા.૧૩-૧૦-૨૦૨૩ ના રોજ નીચે જણાવેલ સ્થળે યોજાશે.

| ક્રમ | ઝોન | સ્થળ |
|---|---|---|
| ૧ | ઉત્તર | એસ.આર.પી. શા.૨ |
| ૨ | દક્ષિણ -૧ | મણિનગર શા.૬ |
| ૩ | દક્ષિણ-૨ | બહેરામપુરા શા.૨ |
| ૪ | પૂર્વ | અમરાઈવાડી શા.૧૬ |
| ૫ | પશ્ચિમ ૧ | નારણપુરા શા.૧ |
| ૬ | પશ્ચિમ ૨ | કેશવનગર શા.૧ |

| ક્રમ | ઝોન | સ્થળ |
|---|---|---|
| ૭ | મધ્ય | પ્રિતમપુરા શા.૧ |
| ૮ | ઉત્તર - પશ્ચિમ | ચાણક્ય પ્રાથમિક શાળા |
| ૯ | દક્ષિણ- પશ્ચિમ | જોધપુર શાળા નં.૧ |
| ૧૦ | હિન્દી | સૈજપુર હિ.૧ |
| ૧૧ | અંગ્રેજી | એલિસબ્રીજ શા.નં.૨ |

ઝોન કક્ષાએ પ્રથમ નંબરની વિજેતા કૃતિએ(ગરબા/રાસ) શહેર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

શહેર કક્ષાની ગરબા સ્પર્ધા તા.૧૮-૧૦-૨૦૨૩ ના રોજ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી હોલ, નિકોલ ખાતે સવારે ૮:૦૦ કલાકે રાખેલ છે. રાસ-ગરબા સ્પર્ધાના નિયમો નીચે મુજબ છે.

**નિયમો :-**

૧. રાસ-ગરબાની સ્પર્ધામાં ધો.૧ થી ૮ના બાળકો ભાગ લઈ શકશે.

૨. રાસ-ગરબાનો સમય વધુમાં વધુ ૪ થી ૫ મિનિટનો રહેશે.

૩. કૃતિમાં ૨૦ જ બાળકો હોવા જોઈએ.

**ગુણાંકનઃ-**

| રાસ-ગરબાની અભિનય કળા | પહેરવેશ | તાલ સાથે સુમેળ | સમયપાલન | એન્ટ્રી-એક્ઝીટ | સમગ્ર છાપ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૨૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫૦ |

- આ સ્પર્ધામાં શહેર કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ કૃતિને રૂા. ૫૧૦૦/- દ્વિતિય કૃતિને રૂા. ૪૧૦૦/- અને તૃતિય કૃતિને રૂા. ૩૧૦૦/- ઈનામ આપવામાં આવશે.
- બાકીના તમામ બાળકોને રૂા. ૩૦૦/- પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

તા.૦૬-૧૦-૨૦૨૩

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી